ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૨૫/૧૮-૧૯/ 2963 તારીખ - 3 JUL 2018

**આર.પી.એ.ડી.**

**કેસ નં.: ૨૫/૧૮-૧૯**

પ્રતિ,
શ્રી ચાવડા રાજેશભાઈ લીબાભાઈ,
નવા ડાળીયાના કારખાના પાસે,
ખાખીની વાડી, તુરખા રોડ,
બોટાદ.
મો.૯૭૧૪૦ ૫૦૬૯૫.

**વિષય:** નવા ખેતીવાડી વીજ કનેકશનના બાબત.

**સંદર્ભ:** (૧) આપનો પત્ર અત્રેની કચેરીને મળ્યા તા.૨૪-૦૪-૧૮
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૫/૧૮-૧૯/૧૯૫૮ તા.૦૨/૦૫/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૨૫/૧૮-૧૯/૨૫૯૨ તા.૧૩/૦૬/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૨/૦૬/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, બોટાદ.

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, બોટાદ.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, શહેર-૨ બોટાદ.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૨૫/૧૮–૧૯**

વાદી :– **શ્રી ચાવડા રાજેશભાઈ** લીબાભાઈ

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત** વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ**:– ૨૨/૦૬/૨૦૧૮

**હાજર રહયા** :– શ્રી ચાવડા રાજેશભાઈ લીબાભાઈ (વાદીશ્રી પોતે)

**પ્રતિવાદી** :– શ્રી એ.એ.જાડેજા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

**શ્રી** ચાવડા રાજેશભાઈ લીબાભાઈ, મુ.બોટાદના નવા ખેતીવાડી વીજ કનેકશનના બાબતની રજુઆત **કન્વીનરશ્રી,** ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૨૫ / **૧૮–૧૯ થી** નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૨૫/ ૧૮–૧૯/ ૧૯૫૮ તા.૦૨/૦૫/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૨/૦૬/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી પ્રવિણસિંહ ધીરુભા ગોહિલ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ.એ.જાડેજા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત**:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

**૧.૧** અમારી ખેતીની જમીન બોટાદ સીટીમા આવેલ છે અને સદર હું જમીન ઉપર અમોએ ખેતીવાડી હેતુ માટે વીજ કનેક્શન મેળવવા માંગણી કરેલ. જેના અનુસંધાને બોટાદ શહેર-૨ પે.વી. કચેરી તરફથી અમોને અંદાજપત્ર મોકલવામાં આવેલ.

**૧.૨** જે અંદાજપત્ર ભરવાની છેલ્લી તારીખ ૧૭.૪.૧૭ હતી. પરંતુ અમો બીમાર હોય અને ડાયાબીટીસ ના દર્દી હોય જેથી અમો હોસ્પિટલ મા દાખલ હોય અને અમારા ઘરના તમામ સભ્યો અમારી દેખભાળમાં સાથે હોય ઘરે કોઈ ન હોવાથી એસ્ટીમેટ ભરી શકેલ નથી. અમોને હોસ્પિટલ માંથી રાજા મળતા અમો ઘરે આવતા અમોને એસ્ટીમેટ ની જાણ થયેલ છે.

**૧.૩** તો અમોને આપેલ એસ્ટીમેટ સ્વીકારી અમોને વીજ કનેક્શન આપવાનો હુકમ કરવા મેં. કરશોજી.

**પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,**

**૨.૧** **અરજદારશ્રી** રાજેશભાઈ લીંબાભાઈ એ તેમના બોટાદ ગામના ખેતીવાડી સર્વે નં. ૪૫૦/૧ પૈકી **૨/પૈકી ૨ મા** નવું ખેતીવાડી વીજ જોડાણ લેવા બોટાદ શહેર- ૨ પેટા વિભાગીય કચેરી ખાતે **રજીસ્ટ્રેશન ચાર્જ** રૂ. ૨૦૦ પહોંચ ૯૩૭૨૭૨ થી તારીખ ૪.૧૦.૧૬ ના રોજ ભરપાઈ કરી અરજી કરેલ હતી .

..૨..

૨.૨ સામાન્ય અગ્રતાક્રમ મુજબ અરજદારનો વારો આવતા સ્થળ મોજણી કરી અરજદાર શ્રી ને તારીખ ૧૮.૩.૧૭ ના રોજ જાવક નં. ૧૫૦૨ થી રૂ. ૭૮૫૩ નું અંદાજપત્ર પાઠવવામાં આવેલ . જે અંદાજપત્ર ભરપાઈ કરવાની **છેલ્લી તારીખ ૧૭.૪.૧૭** હતી .

૨.૩ અરજદાર દ્વારા સમય **મર્યાદામાં અંદાજપત્ર** ભરપાઈ કરેલ નહિ તેમજ અંદાજપત્ર ભરપાઈ કરવાની સમય મર્યાદા **વધારવા માટે નિયત** સમયગાળામાં અરજી કરેલ ન હોવાથી અરજદારની સદર નવા વીજ **જોડાણ ની માંગણી** વાળી અરજી દફતરે કરવામાં આવેલ અને જે અંગેની જાણ નાયબ ઇજનેર **બોટાદ શહેર-૨** પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારને પત્ર નં બીટીએસડી /ટેક/૨૦૨૪ **તા. ૧.૫.૧૭ થી** કરેલ છે.

૨.૪ આમ **અરજદાર દ્વારા** અંદાજપત્ર ભરપાઈ કરવાની મુદત વધારવા સમયમર્યાદામાં કોઈ અરજી **આપેલ ન હોવાથી** આપેલ અંદાજપત્ર ની મુદત વધારી શકાયેલ નથી.

☛ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

**૩.૧** **વાદી** અરજદાર ચાવડા રાજેશભાઈ લીબાભાઈ ગામ:બોટાદ ની સીમમાં તા.૦૪–૧૦–૧૩ ના રોજ નવા ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદીએ અગ્રતાક્રમમાં વારો આવતા વાદી તા.૧૮–૩–૧૭ ના રોજ નવા વીજ જોડાણ માટેનું અંદાજપત્ર આપેલ. જેની નાણા ભરવાની છેલ્લી તા.૧૭–૪–૧૭ હતી.

૩.૩ વાદી ધ્વારા અંદાજપત્રની સમય મર્યાદામાં નાણા ભરપાઈ ન થવાથી પ્રતિવાદીએ વાદીની અરજી રદ કરી દફતરે કરેલ જેની જાણ વાદીને પત્ર નં.૨૦૨૪ તા.૦૧–૦૫–૧૭ થી રજી.એ.ડી. ધ્વારા જાણ કરેલ.

૩.૪ **વાદીએ અંદાજપત્ર** ન ભરી શકવાના કારણે પોતાની બીમારી અંગેનું કારણ બતાવેલ છે. જેના માટે વાદીએ **કોઈ આધારભુત** અને મજુબત પુરાવાઓ ફોરમ સમક્ષ રજુ કરેલ નથી.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, " વાદીએ સમયમર્યાદામાં અંદાજપત્રનાં નાણા ભરપાઈ કરેલ નથી, સમય મર્યાદા વધારવા કોઈ અરજી પ્રતિવાદીને કરેલ નથી. તેથી વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી."**
- સદર **હુકમ સામે** વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
સ્વતંત્ર સભ્યશ્રી

**(પી. એચ. માવાણી)**
ટેકનીકલ સભ્યશ્રી

**(એમ. આર.વજરીયા)**
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :–૨૨/૦૬/૨૦૧૮

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.